જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૧૦/૨૦૧૮ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૩૭૯ ઇંગ્લીશ દારૂ, ૯૬ બિયર ટીન ૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ લોડીંગ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૧૫,૯૧૦/- કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૧૯૬૪/૧૮

**મણીનગર** : અમીગ્નાબહેન ડો/ઓ ભાવેનભાઇ પટેલ(ઉ.વ.૩૮)(રહે,નિત્યાનંદ એપાર્ટમેંન્ટ વકીલવાડી એલ.જી.હોસ્પીટલ પાસે મણીનગર) એ તા.૦૭/૧૦/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે ૧૪ માસ પહેલાથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે તથા ગોરધનવાડી ચાર રસ્તા ખાતે આવેલ એસ.બી.આઇ.બેંક ખાતેથી આરોપી રોન (મેક માય જર્ની પ્રા.લી. ના સંચાલક રહે, અંદમાન નિકોબાર) એ ટુરનું પેકેજ બતાવી, અમીગ્નાબહેન તથા તેમની મિત્ર હીનાબેન ભટ્ટ ના કુંટુબના મળી કુલ દસ વ્યક્તિના કુલ રૂપીયા ૨,૬૩,૦૦૦/- જમા કરાવડાવી, ટુર માટેની સ્પાઇસ જેટ ની ખોટી ટીકીટો મોકલી, રૂપીયા પરત નહી આપી, છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સતુભા જોરુભા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૯૬૫/૧૮

**ગોમતીપુર** : મોહમદસલીમ કાસીમભાઇ શેખ (રહે.મકાન નંબર-૧૧૯૩ શમશેરબાગ ભઠીયારાની પોળ ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૧૮ કલાક ૨/૦૦ થી ૭/૦૦ દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી રોકડ રૂપીયા ૬૫,૦૦૦/- અને સોનાની પાંચ અંગુઠીઓ કિંમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિય ૭૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૬/૧૮**

**માધવપુરાઃ** ભગવતીબહેન વા/ઓ શિવચરણ અગ્રવાલ (ઉ.વ.૪૮) (રહે,રાઘે રેસીડેન્સી ડુપ્લેક્ષ, આકાશગંગા સોસાયટીની સામે એસઆરપી ગ્રુપ-૨ પાછળ નવા નરોડા) તા.૦૭/૧૦/૧૮ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે દિલ્લી દરવાજાથી પ્રેમ દરવાજા તરફ કટારીયા શોરૂમ સામેથી એકટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ભગવતીબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેંડલ સાથે કિમત રૂપિયા ૪૧,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભગવતીબહેન અગ્રવાલે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.પઠાણ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૬૭/૧૮**

**શાહીબાગઃ** જીતેન્દ્રકુમાર પોપટજી ચાવડા (રહે.શાહીબાગ સોસાયટી મોહન સીનેમા સામે અસારવા શાહીબાગ) એ તા.૭/૧૦/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૯/૧૮ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે જીતેન્દ્રકુમારના નેશનલ બેંક સેલરી એકાઉન્ટના એસ.બી.આઇ તથા એક્સીસ બેંકના એ.ટી.એમ.માંથી કુલ રૂપિયા ૧,૨૫,૦૦૦/- અજાણી વ્યક્તિએ કાઢી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૬૮/૧૮**

**શાહીબાગઃ** પ્રહલાદભાઇ સોમાભાઇ પટણી (ઉ.વ.૫૫) (રહે, પટણીનગર ઓમનગર રોડ અસારવા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૦/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે હિતેન્દ્ર દેસાઇ ગાર્ડન પાસે આઇસર ગાડી નંબર જીજે.૧૮.યુ.૮૭૬૦ ના ચાલકે આઇસર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પ્રહલાદભાઇના પુત્ર રાકેશભાઇ (ઉ.વ.૨૬) ના મોટર સાયકલને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાકેશભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.મકવાણા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૯૬૯/૧૮**

**કૃષ્ણનગર** : રાજેન્દ્રભાઇ પુંડલીકભાઇ તંત્રપાલ (ઉ.વ.૪૧)(રહે, શ્રીનાથ એપાર્ટ સહજાંનદ સ્કુલ પાસે નવા નરોડા)એ પોતાની થાઇરોડની બીમારીથી કંટાળી જઇ, તા.૦૨/૧૦/૧૮ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ડેટોલનું લીકવીડ પી લેતા, સરવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૦/૧૮ રાતના ૧૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ કૃષ્ણનગર પોલીસ ચલાવે છે.

**મેઘાણીનગર** : રીનાબહેન વા/ઓ નરેંદ્રસીંગ બઘેલ (ઉ.વ.૨૫)(રહે,અમરાજીનગર ગલી નંબર-૩ ભાર્ગવ રોડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૧૮ ના કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રૂમના છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.મકવાણા ચલાવે છે.

**અમરાઇવાડી** : ભરતભાઇ મનુભાઇ રાઠોડ (રહે,આંબેડકરનગર સોસાયટી પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૧૮ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ અમરાઇવાડી પોલીસ ચલાવે છે.

**નારોલ** : સુનીતાબહેન વા/ઓ શૈષમણી યાદવ (ઉ.વ.૨૬)(રહે. ભુરીબેન ભરવાડના મકાનમાં શક્તીનગર, પીપળજ ગામ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૧૮ ના કલાક ૯/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.